નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

જિલ્લામાં આંગણવાડી કાર્યકરની ૨૫ અને તેડાગરની ૪૦ જગ્યાઓ ખાલી પડેલી છે

૧૦૬૧ આંગણવાડીમાંથી ૮૬૯ પોતાના મકાનમાં બેસે છે : ૬ દાનમાં મળેલ મકાનમાં; ૪ પંચાયતના મકાનમાં, ૧૩૭ ભાડાના મકાનમાં બેસે છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી અંગે કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે આજે પ્રશ્ન પુછતાં એ જાણવા મળ્યુ હતુ કે જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ૨૫ કાર્યકર અને ૪૦ જેટલી તેડાગર બહેનોની ઘટ છે તો તે કેટલા સમયમાં પૂર્ણ કરાશે. તેમણે સરકારી કાર્યક્રમોમાં આંગણવાડીની બહેનોને હાજર રહેવા ફરજ પાડવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

મંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે જગ્યાઓ ખાલી ન રહે તે માટેની પ્રક્રિયા શરૂ કરી દેવા વિભાગને જણાવી દેવાયુ છે. સભ્યશ્રીએ કરેલા આક્ષેપને ફગાવતાં રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે જ્યાં આંગણવાડીની તેડાગર અને વર્કર બેનો સમાજ જીવનમાં ઘરોમાં જતી હોય છે અને જ્યારે એવા કાર્યક્રમો હોય કે જ્યાંથી એમને માર્ગદર્શન મળવાનુ હોય, જ્યાંથી પરિવારોને સુદૃઢ બનાવવા માટેની વાત એ બહેનો જઈને કરી શકતી હોય એવા કાર્યક્રમોમાં, એમને એવોર્ડ આપવાના હોય એવા કાર્યક્રમમાં અને પોષણના સંદર્ભમાં કોઈ માહિતી આપીને તેમને આડકતરી ટ્રેનીંગ આપી શકાતી હોય એવા કાર્યક્રમમાં આ બહેનોને મોકલવામાં આવે છે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં કુલ ૧૦૬૧ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલા છે. તેમાંથી ૮૬૯ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં બેસે છે. ૧૩૭ ભાડાના મકાનમાં બેસે છે. ૪ પંચાયતના મકાનમાં બેસે છે. ૭ પ્રા. શાળાના બેસે છે. ૬ દાનમાં મળેલા મકાનમાં બેસે છે અને ૧૧ આંગણવાડી અન્ય જગ્યાએ બેસે છે.

ગાંધીનગર જિલ્લા માટે ૨૨ નવી આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત ભારત સરકારને તા. ૩૦-૯-૨૦૧૪ના પત્રથી મોકલવામાં આવી છે. જે મંજૂર થયેલી આંગણવાડી છે. તેમાં તેની દરખાસ્તને જો અનુરૂપ થશે તેને આંગણવાડી કેન્દ્ર ફાળવી આપવામાં આવશે.

કોંગીના શ્રી મહેન્દ્રસિંહ બારૈયાએ પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતુ કે બહુ ઓછી ખરીદી કરવામાં આવે છે. દાતાઓ તરફથી દાન મળ્યુ હોય છે અને સરકાર દ્વારા જ્યારે પણ ખરીદી કરવામાં આવે છે ત્યારે ગુણવત્તાની ચકાસણી કરીને ખરીદી થાય છે.

ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દરેક ઘટકોમાં અલગ-અલગ પ્રકારના લાભાર્થી હોય છે. ૩ થી ૬ માસ સુધીના, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતા, કિશોરી એમ ચાર પ્રકારના લાભાર્થી હોય છે. દહેગામ-૧માં ૧૯,૪૫૫ લાભાર્થી, દહેગામ-૨માં ૧૪,૬૦૫ લાભાર્થી, ગાંધીનગર-૧માં ૨૨૦૯૬ લાભાર્થી, ગાંધીનગર-૨માં ૨૧,૭૦૦ લાભાર્થી, કલોલમાં ૩૫,૩૬૪ લાભાર્થી, માણસામાં ૧૯,૬૧૪ લાભાર્થી મળી કુલ ૧,૩૨,૮૩૩ લાભાર્થીઓ આંગણવાડી કેન્દ્રમાં જુદા જુદા લાભ મેળવે છે.

● દહેગામમાં રોડનું કામ

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે દહેગામ તાલુકાના રાજાજીના મુવાડા-ઝડકીયાના નવા રસ્તાના કામ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે હાજી બજેટ ઉચ્ચ જોગવાઈ હેઠળ રૂ. ૧૨૦ લાખનું કામ તા. ૨૫-૧૦-૧૫ના રોજ મંજૂર કરવામાં આવેલ છે.

● નોન-પ્લાન રસ્તા

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં નોન પ્લાન રસ્તાઓના ડામર કામ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ

● અનુસંધાન પાન-૭ પર

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

(તસવીર : દિપક જાની)

વિરાટ કિસાન રેલી - ભારતીય જનતા પાર્ટીના કિસાન મોરચા દ્વારા શુક્રવારે સવારે સેક્ટર-૧૧ રામકથા મેદાનમાં વિશાળ કિસાન સંમેલનનું આયોજન કરાયું છે.... ઉત્તર ગુજરાતના પાંચ અને સુરેન્દ્રનગર એમ છ જિલ્લાના ૧ લાખથી વધુ ખેડૂતો હાજરી આપશે એવો અંદાજ છે... ભાજપના પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી અને હોદેદારો સંમેલનને સંબોધશે, ગુજરાત સરકાર અને ભારતીય જનતા પક્ષની કૃષિ નીતિની વિસ્તૃત છણાવટ કરશે...

ધોરણ-૧૦ની પરીક્ષા પૂર્ણ સંસ્કૃતનુ પેપર પણ સરળ નિકળ્યુ

ગાંધીનગર તા ૧૭

ધોરણ-૧૦માં આજે સંસ્કૃતનુ છેલ્લુ પેપર પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. આજે જિલ્લામાંથી ૨૪૯૨૬ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે ૪૬૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ-૧૦ની પરિક્ષા આજે પુર્ણ થતા વિદ્યાર્થીઓ હળવાફુલ જોવા મળ્યા હતા.ધોરણ -૧૨ માં પણ હવે કોમ્પ્યુટરની આખરી પરિક્ષા લેવાશે.

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષાના અંતમાં આજે સંસ્કૃત વિષયની પરિક્ષા લેવાઈ હતી. જેમાં જિલ્લામાંથી કુલ ૨૫૩૯૪ પૈકી ૨૪૯૨૬ વિદ્યાર્થીઓએ સંસ્કૃતની પરિક્ષા આપી હતી. જયારે ૪૬૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.સંસ્કૃતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓને હાંશકારો થયો હતો. ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષાનુ આજે છેલ્લુ પેપર પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓએ નિરાંત અનુભવી હતી જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ સંસ્કૃત વિષયની પરિક્ષા લેવાઈ હતી. જેમાં જિલ્લામાંથી ૧૮૪૬ વિદ્યાર્થીઓ પરિક્ષામા હાજર રહયા હતા. જયારે ૫૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ-૧૨માં શુક્રવારે કોમ્પ્યુટર વિષયની પરિક્ષા લેવાશે.

ખ-માર્ગ ૧૧ એપ્રિલ સુધી વન-વે

ગાંધીનગર તા ૧૭

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ ચાલી રહયુ છે જયારે આ માર્ગને સિકસલેન બનાવવા માટે ખ-૦ થી મહાત્મા મંદિર સુધીના રૂટને વન વે કરી દેવાયો છે આ માટે આગામી તા ૧૧ એપ્રિલ સુધી જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે જેથી ખ માર્ગ હાલ વન વે કરી દેવાયો છે.

શહેરના ખ તેમજ ગ માર્ગને સિકસલેન બનાવવા માટે તંત્ર દ્વારા અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જયારે ખ માર્ગને સિકસલેન બનાવવા માટે તંત્ર દ્વારા મંજુરી આપી દેવામાં આવતા હાલ ખ માર્ગનુ કામ ચાલી રહયુ છે. ખ માર્ગને બન્ને બાજુએથી સાડાત્રણ મીટર પહોળો કરવા માટેનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરીમાં સરળતા રહે તે માટે માર્ગને વન વે કરવા માટે અગાઉ જાહેરનામુ બહાર ન પાડવામાં આવતા કામ બંધ કરી દેવામાં આવ્યુ હતુ. જયારે વિભાગ દ્વારા ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરીમાં સરળતા રહે તે માટે વન વે કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અંતે હાલ તા ૧૧ માર્ચથી તા ૧૧ એપ્રિલ સુધી આ માર્ગને વન વે કરી દેવામાં આવ્યો છે. આગામી એક મહીનામાં ખ-૦

● અનુસંધાન પાન-૭ પર

બાંધકામ સમિતિ અંગે ડીડીઓના નિર્ણયને ફગાવતા સચિવ

બાંધકામ સમિતિના ચેરમેન તરીકે અમૃતાબેન રાઠોડે ચાર્જ સંભાળ્યો : પંચાયતના રાજકારણમાં ગરમાવો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની પ્રથમ બેઠકની કાર્યવાહી રદ કરવાના જિલ્લા વિકાસ અધિકારીના નિર્ણયને પંચાયત સચિવશ્રીએ ફગાવી દઈ ચેરમેન તરીકે અમૃતાબેન રાઠોડની નિમણુંકને ગ્રાહ્ય રાખી છે.

આજે શ્રીમતિ અમૃતાબેને તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેનની નિયુક્તી માટે મળેલ પ્રથમ બેઠકમાં પક્ષના મેન્ડેટ વિરૂદ્ધ નવી દરખાસ્ત કરતાં કાર્યકારી અધ્યક્ષ અને સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ સભાત્યાગ કર્યો હતો. તેમજ સમિતિની કાર્યવાહી નોંધ પર પણ હસ્તાક્ષર કર્યા ન હતા.

આથી જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠક રદ કરવાનો નિર્ણય કરી નવી તારીખ નિયત કરવા સૂચવ્યુ હતુ. જેની સામે શ્રીમતિ રાઠોડે રિવીઝન અરજી કરી હતી.

પંચાયત સચિવે કરેલી સુનાવણી બાદ ગઈકાલે મોડી સાંજે આ અંગેનો ચુકાદો આપ્યો હતો.

હવે શિક્ષણ સમિતિની કાર્યવાહી પણ રદ કરવામાં આવી છે એટલે ભાવિનસિંહ ઠાકોર પણ આજે પંચાયત સચિવને તેમની રિવીઝન અરજી કરનાર હોવાનું જામવા મળેલ છે.

પંચાયત સચિવના નિર્ણય પછી વધુ એક વખત પંચાયતના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. આગામી ૨૮મીએ મળનારી સામાન્ય સભા સુધી આ ગરમાવો રહેશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

વાઈ-ફાઈ સીટી બનાવવા અંગેનો ખર્ચ મનપા દ્વારા કરવામાં આવશે

મનપાની સ્થાયી સમિતિએ કરેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાને વાઈ-ફાઈ સહિત સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા માટેનો જરૂરી ખર્ચ મુખ્યમંત્રી સ્વર્ણીમ જયંતિ શહેરી વિકાસ યોજનામાંથી કરવાનો નિર્ણય આજે મળેલ સ્થાયી સમિતિએ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૨૨ કરોડ જેટલા ખર્ચથી આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. આ માટે હાલ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ એજન્સી દ્વારા કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

રાજ્ય સરકારે ૩૧મી માર્ચ પહેલાં ગાંધીનગરે પ્રથમ વાઈફાઈ સીટી બનાવવાની જાહેરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વેળાએ અર્થાત ઓક્ટો.-નવે.૧૫માં કરી હતી. આ માટેનો રોડમેપ પણ તૈયાર કરી દેવાયો હતો. મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાના નાણાં મનપામાં બચત તરીકે હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પક્ષના નેતા શ્રી ગોવિંદભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને મળેલ આજની બેઠકમાં મનપા દ્વારા ઈ-ટોયલેટ ૧૦ ખરીદવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

આજની આ બેઠકમાં સે. ૧માં સાયકલ શેરીંગ પ્રોજેક્ટ માટે ૧ કિ.મી.નો માર્ગ બનાવવા ઉપરાંત નાયબ મ્યુનિ. કમિશ્નરની નાણાંકીય સત્તાઓમાં વધારો કરવા, પેવર બ્લોક માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરાવવા સહિતનો નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા.

આજની બેઠકમાં ભાજપના કાઉન્સીલર સંદીપ જ્યોતિકરે રજુ કરેલી બે દરખાસ્તોને પણ સ્થાયી સમિતિએ મંજૂર રાખી હતી.

ધોરણ-૧૦ સંસ્કૃતની પરીક્ષામાં વધુ એક કોપી કેસ દાખલ

ગાંધીનગર, તા.૧૭

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષાના અંતિમ દિવસે દહેગામની પુર્ણિમા હાઈસ્કુલમાં એક વિદ્યાર્થીને કોપી કરતો ઝડપી લેવામાં આવ્યો હતો. ધોરણ- ૧૦માં આજે સંસ્કૃતનુ પેપર હતુ. જયારે પરિક્ષા દરમિયાન કોપી કરતા વિદ્યાર્થી પાસેથી સાહીત્ય સાથે પકડી પાડી તેની સામે કોપી કેસ દાખલ કરવામાં આવ્યો છે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરિક્ષામાં ગેરરીતીને અટકાવવા માટે પરિક્ષાખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે સી સી ટી વી કેમેરાના ફુટેજનુ પણ સતત સ્ક્રીનીંગ કરવામાં આવી રહયુ છે. આ ઉપરાંત બોર્ડ દ્વારા વિજિલન્સ સ્કોવોર્ડ પણ રાઉન્ડ લે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ધોરણ -૧૦ની પરિક્ષા દરમિયાન જિલ્લામાં કુલ ૬ કોપી કેસ દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ પણ પરિક્ષા દરમિયાન કલોલ,સરઢવ તેમજ દહેગામમાં ગેરરીતી બદલ કોપી કેસ દાખલ કરવામાં આવ્યા હતા.જયારે ગઈકાલે પણ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષામાં ગુજરાતી વિષયમાં એક વિદ્યાર્થી કાપલી કરતો ઝડપાયો હતો. જયારે આજે પણ ધોરણ ૧૦ની પરિક્ષાના અંતે સંસ્કૃત વિષયમાં એક વિદ્યાર્થી પાસેથી સાહીત્ય ઝડપાતા કોપી કેસ દાખલ કરાયો હતો. દહેગામની પુર્ણિમા હાઈસ્કુલમાં કાપલી કરતા વિદ્યાર્થીને સ્કોવોર્ડની ટીમે ઝડપી લીધો હતો.ધોરણ-૧૦માં અત્યારસુધી ૬ જેટલા કોપી કેસ દાખલ કરવામાં આવ્યા છે.

સ્વચ્છ નગરની કલ્પનાને સાકાર કરવા ઘણુ બધુ કરવુ પડશે : આશિષ દવે

મનપા દ્વારા ફરતા પુસ્તકાલય અને પશુ દવાખાનાનું લોકાર્પણ કરાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા માટે ઘણુ બધુ કર્યું છે છતાં પણ હજુ તેમાં ત્રુટીઓ જે થોડી ઘણી છે તે દૂર કરી સ્વચ્છ નગરની કલ્પનાને સાકાર કરીશુ જ તેવો વિશ્વાસ ગુડાના ચેરમેન શ્રી આશિષ દવેએ આજે વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાના ફરતા પુસ્તકાલય અને પશુ દવાખાનાના લોકાર્પણ કાર્યક્રમમાં બોલતાં શ્રી દવેએ જણાવ્યું હતું કે ગાંધીનગર સ્વચ્છતા બાબતે પહેલા બોટમમાં હતુ પરંતુ તાજેતરમાં થયેલા સર્વેમાં આપણે ૧ થી ૫૦માં આવ્યા છીએ. આટલેથી સંતોષ નથી પરંતુ હવે ટોપ ફાઈવમાં સ્થાન મેળવવા કમર કસવી પડશે.

તેમણે જણાવ્યું હતું કે મનપાની રચના વખતે ઘન કચરાના નિકાલની જે વ્યવસ્થા હતી અને આજે જે વ્યવસ્થા છે તેમાં ભારે બદલાવ આવ્યો છે. તેમણે આવેલા બદલાવ માટે તંત્રની ટીમને અભિનંદન આપ્યા હતા પરંતુ હજુ ઘણુ કરવાનું બાકી હોવાનું જણાવી કહ્યું કે આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચવા માટે મહેનત કરવી પડશે.

તેમણે મનપા દ્વારા આજે લોકાર્પણ થઈ રહેલા ફરતા પુસ્તકાલયનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે નોલેજ હબ તરીકે પાટનગર વિકાસ પામ્યુ છે ત્યારે પૂરક વાંચનની ભૂખ આ લાયબ્રેરી પૂરી કરવામાં પૂરક બનશે તેવો વિશ્વાસ છે. તેમણે જણાવ્યું હતું કે વાંચનની ભૂખ ક્યારેય ઓછી થતી નથી હોતી. તેમણે મનપાના આ નિર્ણયને વધાવતાં જણાવ્યું હતું કે નોલેજસીટીની જરૂરિયાતને તંત્ર વાહકોએ જે રીતે પિછાણી છે અને પગલુ ભર્યુ છે તે ખરેખર અભિનંદનીય છે. આ પ્રસંગે મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ જણાવ્યું હતુ કે સારૂ વાંચન હંમેશા સમૃદ્ધ સમાજરચના માટે જરૂરી છે.

ગ-૦ થી ગ-૧ના રૂટમાં માર્ગની એકબાજુ ફુટપાથ નિર્માણનુ કામ બાકી

ગાંધીનગર તા ૧૭

શહેરના ગ માર્ગ પર ફુટપાથનુ કામ અધુરુ છે. ગ-૦ થી ગ-૧ વચાળે રસ્તાની એકબાજુએ ફુટપાથનુ નિર્માણ થઈ શકયુ નથી. જયારે બીજીતરફ ફુટપાથની તુટેલી ટાઈલ્સ પણ ખખડે છે. વન વિભાગની મંજુરીના અભાવે અગાઉ ફુટપાથનુ કામ થઈ શકયુ ન હતુ. જયારે વર્ષોના અંતે આ કામગીરી પુર્ણ થઈ શકી નથી.

શહેરમાં મુખ્ય માર્ગો આસપાસ ફુટપાથનુ નિર્માણ કરાયા બાદ સેકટરોમાં પણ આંતરિક માર્ગોને અનુલક્ષી ફુટપાથની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે ફુટપાથની બાકી કામગીરી માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જેના આધારે અન્ય માર્ગો આસપાસ પણ ફુટપાથનુ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ હતુ ફુટપાથની કામગીરી પાછળ અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સેકટરોમાં ફુટાપાથ પર વાહનો દોડતા કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે જાળવણીના અભાવ વચ્ચે ફુટપાથ પર વોકીંગ માટે જતા રાહદારીઓ માટે પણ શિરદર્દ ઉભો થયો છે. શહેરના પ્રવેશદ્વાર સમા ગ માર્ગ પર માર્ગની એકબાજુએ ફુટપાથની કામગીરી ઘણાં સમયથી બાકી છે.જેમાં ગ-૦ થી ગ-૧ વચ્ચે એકસાઈડમાં ફુટપાથનુ કામ થઈ શકયુ નથી. તેવા સમયે રસ્તાની એકબાજુ ફેન્સીંગ કરેલી હોવાથી વન વિભાગની ફેન્સીંગના લીધે કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ : બીજીતરફ કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ગ-માર્ગ પર ફુટપાથ પાછળ ખર્ચાયેલા પૈસા પાણીમાં

વિભાગ દ્વારા આ ફેન્સીંગ દુર ન કરાતા ફુટપાથની કામગીરી થઈ શકી ન હતી. જયારે બીજીતરફ ફુટપાથની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા મોટાભાગની ટાઈલ્સો ઉખડી ગઈ છે. વાકીંગ કરતી વખતે ખખડતી ટાઈલ્સોમાં તિરાડ જોઈને નાગરિકોમાં પણ અચરજ સાથે વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઉભા થાય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com